# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. ન. ૧૦
વલ્લભવિદ્યાનગર ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
નેક એક્રિડિશનઃ ગ્રેડ 'A'સીજીપીએ-૩.૨૫
(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)

ફોનઃ (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબરઃ (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail:
exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


**પરીક્ષા વિભાગ**

**અગત્યનો**

**પરિપત્ર**

**વિષય : સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાના આંતરીક ગુણ ઓનલાઇન પોર્ટલ પર એન્ટ્રી કરવા બાબત...**

**(સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની આંતરીક ગુણ જમા કરાવવાની છેલ્લી તારીખ : ૧૯/૧૧/૨૦૨૨)**

આથી સંબંધકર્તા સર્વે યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓને ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે સ્નાતક કક્ષાના પ્રથમ, તૃતિય અને પાંચમાં સેમેસ્ટર તથા અનુસ્નાતક કક્ષાના પ્રથમ અને તૃતિય સેમેસ્ટરના વિદ્યાર્થીઓના આંતરીક ગુણ ઓનલાઇન એન્ટ્રી કરવા માટેની લીંક યુનિવર્સિટી વેબ સાઇટ ઉપર **સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તારીખઃ ૦૫/૧૧/૨૦૨૨ થી ૧૯/૧૧/૨૦૨૨** સુધી ચાલુ રહેશે. અંતીમ તારીખ બાદ આંતરીક ગુણ સ્વીકારવામાં આવશે નહી તથા ત્યારબાદ ઓનલાઇન સબમીટ કરેલ આંતરીક ગુણમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કે સુધારો ધ્યાને લેવામાં આવશે નહી. **જેની ખાસ નોંધ લેવી.**

યુનિવર્સિટી દ્વારા વખતોવખત યુનિવર્સિટીમાં (ઓનલાઇન સબમીટ કરેલ) આંતરીક ગુણ જમાં કરાવતા પહેલા જરૂરી ચકાસણી કરવા તથા કાળજી લેવા બાબતે સંબંધકર્તાઓને જાણ કરવામાં આવેલ છે. તેમ છતા યુનિવર્સિટીમાં જમાં કરાવવામાં આવતા આંતરીક ગુણોમાં **ઘણા પ્રકારની ભૂલો ધ્યાન પર આવે છે.** જેના લીધે વિદ્યાર્થીઓના પરીણામમાં વિલંબ થાય છે. જેની સીધી અસર વિદ્યાર્થીના ભવિષ્ય ઉપર પડે છે.

**વિદ્યાર્થીના આંતરીક ગુણ જમાં કરાવતી વખતે કોઇપણ પ્રકારની ક્ષતિ રહી ના જાય તે અંગે નીચે મુજબની સુચનાઓનું ખાસ પાલન કરવા જાણ કરવામાં આવે છે.**

(૧) તમામ અધ્યાપકો, ક્લાર્ક તથા વિદ્યાર્થીઓને CBCS Regulations (2017-18)અંગે માહિતગાર કરાવવા જે www.spuvvn.edu/students_corner/ syllabi/ ઉપલબ્ધ છે.

(૨) વિદ્યાર્થી NPTAન થાય તે અંગે કાળજી રાખવાના અગત્યના CBCS Regulations (2017-18) જેવા કે - R.6.7 (Attendance) R.6.8.(Continuous and Provisions Internal Assessment) R.6.9 (Preovisional for detaining a students at end Semester University Exam)વગેરે ધ્યાને લેવા.

(પેજ-૧)

સરદાર પટેલ યુનિવર્સિટી
યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
નેક એક્રિડિશન: ગ્રેડ 'A' સીજીપીએ-૩.૨૫
(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)
ફોન: (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર: (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail:
exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu

(૩) ઓનલાઇન આંતરીક ગુણ એન્ટ્રી કર્યાબાદ વિષયવાઇઝ સીટ ડાઉનલોડ કરી, સંબંધકર્તા અધ્યાપક તથા કલાર્ક દ્વારા વેરીફાઇ કરી તેમની સહી મેળવી, જો કોઇ સુધારો હોય તો ઓનલાઇન પોર્ટલમાં સુધારો કરી તેની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીના જાણ સારૂ નોટીસ બોર્ડ ઉપર મુકવું તથા આંતરીક ગુણની સામે વિદ્યાર્થીઓની ફરજીયાત સહી લેવી જેથી ભવિષ્યમાં આંતરીક ગુણના સુધારાને કોઇ પણ પ્રકારનો અવકાશ રહે નહી.

(૪) વિદ્યાર્થી દ્વારા પોતાના આંતરીક ગુણ જોતા જો કોઇ ભુલ જણાયતો વિદ્યાર્થીઓએ સંબંધકર્તા અધ્યાપકનું ધ્યાન દોરવું તથા સંબંધકર્તા અધ્યાપક દ્વારા જો કોઇ ભુલ જણાય તો તેનો જરૂરી સુધારો ઓનલાઇન પોર્ટલ પર કરવાનો રહેશે તથા ત્યારબાદ ફરીથી આંતરીક ગુણની પ્રિન્ટ આઉટ લઇ સંબંધકર્તા વિદ્યાર્થીઓની સહી લેવાની રહેશે.

(૫) વિદ્યાર્થી દ્વારા પોતાના આંતરીક ગુણ જોતા જો તે નાપાસ હોય તો વિદ્યાર્થી દ્વારા વડાશ્રી/આચાર્યશ્રીને R.6.8.11 (R.6.8.11 if student fails in any head of passing and wants to improve his/her marks, he/she should be given enough opportunity to improve the marks. For this college/department will conducted internal improvement test) મુજબ યુનિવર્સિટી ની થીયરીપરીક્ષા યોજાય તે પહેલા ઇન્ટરનલ ઇમ્પ્રુવમેન્ટ ટેસ્ટ માટે અરજી કરવાની રહેશે. વિભાગ/કોલેજ દ્વારા આવા વિદ્યાર્થીઓ માટે પૂન: આંતરીક કસોટી આયોજન કરી જો વિદ્યાર્થીના માર્કસમાં સુધારો જણાય તો તે સુધારો ઓનલાઇન પોર્ટલમાં કરી તેની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીની સહી લેવાની રહેશે.

(૬) ઉપરોક્ત (૩) થી (૫) અંગે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આંતરીક ગુણ ઓનલાઇન પોર્ટલ ઉપર સબમીટ કરવાના રહેશે. કોલેજ દ્વારા **એકવાર આંતરીક ગુણ સબમીટ કર્યા બાદ આંતરીક ગુણમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી.** વિદ્યાર્થીને સબમીટ કરેલ આંતરીક ગુણ મુજબ જ માર્કશીટમાં આંતરીક ગુણ દર્શાવવામાં આવશે.

(૭) વિભાગ/કોલેજ દ્વારા આંતરીક ગુણ યુનિવર્સિટી પોર્ટલ ઉપર સબમીટ કરી દીધા બાદ કોલેજ/વિભાગ વિદ્યાર્થીનો ઇન્ટરનલ ઇમ્પ્રુવમેન્ટ ટેસ્ટ લઇ શકશે નહી. આવા કિસ્સામાં વિદ્યાર્થીએ ખુટતા આંતરીક ગુણ યુનિવર્સિટી બાહ્ય પરીક્ષામાં વધારાના મેળવવા પડશે આમ ઇન્ટરનલ + એક્ષટર્નલનાં સંયુક્ત હેડ હેઠળ ઓછામાં ઓછા પાસીંગ માર્કસ મેળવવાના રહેશે.

(પેજ-૨)

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
નેક એક્રીડિશન: ગ્રેડ 'A'સીજીપીએ-૩.૨૫
(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)

ફોન: (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર: (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail:
exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


(૮) ઉપરોક્ત તમામ બાબતો અંગે વડાશ્રી/આચાર્યશ્રી દ્વારા તેમના વિભાગ/કોલેજના આધ્યાપકો, કલાર્ક તથા વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે. વધુમાં વડાશ્રી/આચાર્યશ્રી દ્વારા યુનિવર્સિટી પોર્ટલ ઉપર ઓનલાઇન જમા કરાવેલ વિદ્યાર્થીઓના ઇન્ટરનલ માર્કસને વિદ્યાર્થીઓને બતાવવામાં આવેલ છે અને તેમને સંતોષ છે તે બાબતનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.

(૯) યુનિવર્સિટી દ્વારા વિભાગ/કોલેજ દ્વારા આંતરીક ગુણમાં સુધારા બાબતની કોઇપણ અરજી ભવિષ્યમાં સ્વિકારવામાં આવશે નહી જેની સંબંધકર્તા સર્વેએ ખાસ નોંધ લેવી.

ખાસ અગત્યનું

| | |
|---|---|
| નોંધ: (૧). | કોન્સોલીડેટેડ (Consolidated) રીપોર્ટ ની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીઓની સહિ કરાવી એક કોપી કોલેજ/વિભાગના વડાશ્રીના સહિ સિક્કા સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. |
| નોંધ: (૨). | સદર વિદ્યાર્થીઓના આંતરીક ગુણ યુનિવર્સિટી પોર્ટલ ઉપર ઓનલાઇન જમા કરવામાં આવેલ છે તે તમામ વિદ્યાર્થીઓના આંતરીક ગુણની હાર્ડ કોપી યુનિવર્સિટીમાં જમા ન કરાવતા કોલેજે/વિભાગોએ તેઓની પાસે સાચવીને રાખવા. |
| નોંધ:(૩). | જ્યારે ઓફલાઇનના વિદ્યાર્થીઓના આંતરીક ગુણની હાર્ડ કોપી ૦૧ કોપી કોલેજ/વિભાગ ના વડાશ્રીના સહી સીક્કા સાથે પરીક્ષા વિભાગમાં જમા કરાવવી. |

**નોંધ: પરીક્ષા વિભાગનો અગત્યનો પરિપત્ર, નં/ઇ-૩/૪૫૬, તા. ૦૫/૦૫/૨૦૨૨ ખાસ ધ્યાનમાં લેવો.**

**નંબર/ઈ-૩/ ૨૫૨૩**
**વલ્લભ વિદ્યાનગર**
**તારીખ : ૦૫/૧૧/૨૦૨૨**

**કુલસચિવ**

**નકલ સવિનય રવાના:**

(૧) **ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.**
(૨) **યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/ યુનિવર્સિટી સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.**

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. ન. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
નેક એક્રીડિશન: ગ્રેડ ૫એથ સીજીપીએ-૩.૨૫
(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)

ફોન: (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર: (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail:
exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


**પરીક્ષા વિભાગ**

## અગત્યનો
## પરિપત્ર

**વિષય : કોલેજ દ્વારા કરાવવામાં આવતા આંતરીક ગુણમાં સુધારા બાબત...**

આથી યુનિવર્સિટી સંલગ્ન વિભાગનાં વડાશ્રીઓ/કોલેજનાં આચાર્યશ્રીઓ/ઇન્સ્ટીટ્યુશનનાં નિયામકશ્રીઓને જણાવવાનું કે તારીખ : ૨૨/૦૩/૨૦૨૨ના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિમાં થયેલ ભલામણને તારીખ :૧૯/૦૪/૨૦૨૨નાં રોજ મળેલ સિન્ડિકેટ સભા બાબત ક્રમાંક: ૧૩ થી થયેલ ભલામણની મંજૂરી મળેલ છે.

- **પરીણામ જાહેર કરતા પહેલા ઇન્ટરનલ માર્કસમાં સુધારો કરવાની રજૂઆત મળે તોએક વિદ્યાર્થી દિઠ એક વિષયનાં રૂ. ૨૫૦/- વિભાગ/કોલેજ પાસે ખરાઇ ફી વસુલવી.**
- **જ્યારે પરીણામ જાહેર થઇ ગયા બાદ ઇન્ટરનલ માર્કસમાં સુધારો કરવાની રજૂઆત મળે તો વિદ્યાર્થી દિઠ એક વિષયનાં રૂ. ૫૦૦/- વિભાગ/કોલેજ પાસે ખરાઇ ફી વસુલવાનું નક્કિ કરવામાં આવેલ છે.**

સદર ઇન્ટરનલ માર્કસમાં સુધારો કરવાની રજૂઆત સાથે નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા યુનિવર્સિટીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.

૧. જે તે વિષયમાં ઇન્ટરનલમાં સુધારો કરવાનો હોય તો વિદ્યાર્થીની ઇન્ટરનલની ઉત્તરવહી, હાજર રીપોર્ટ, પ્રશ્નપત્ર યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે.

૨. યુનિવર્સિટી દ્વારા જરૂરીયાત મુજબનાં વધારે દસ્તાવેજી પુરાવા કોલેજ પાસેથી મંગાવવામાં આવે ત્યારેતે પુરાવા જમા કરાવવાનાં રહેશે. જેથી મળેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી વધુ આગળની કાર્યવાહી કરી શકાય.

નંબર/ઈ-૩/456
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૦૫/૦૫/૨૦૨૨

કાર્યકારી કુલસચિવ

નકલ સવિનય રવાના:

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.